
# ધોરણ-૧૦માં એ-૧માં સ્થાન મેળવતા તેજસ્વી વિદ્યાર્થીઓ...



શ્રુત શાહ, માઉન્ટ કાર્મેલ | દેવ પટેલ, માઉન્ટ કાર્મેલ | નતાશા ડેનીસ, માઉન્ટ કાર્મેલ | જેનીલ પ્રજાપતિ, માઉન્ટ કાર્મેલ | મોહીબ અન્સારી, માઉન્ટ કાર્મેલ | નિહિરા ભટ્ટ, માઉન્ટ કાર્મેલ | પ્રિન્સ પટેલ, સ્કૂલ ઓફ એચિવર | કશ્યપ પટેલ, સ્કૂલ ઓફ એચિવર | નિશાંત પટેલ, સ્કૂલ ઓફ એચિવર | હેત પટેલ, સ્કૂલ ઓફ એચિવર | હર્ષિત દેસાઈ, સ્કૂલ ઓફ એચિવર | હિતાર્થ રાજપરા, સ્કૂલ ઓફ એચિવર | દિયા પટેલ, સ્કૂલ ઓફ એચિવર

હનીબેન પટેલ, સ્કૂલ ઓફ એચિવર | ધ્યાન જે. પટેલ, શેઠ સી.એમ હાઈ. | પાર્થિવસિંહ વાઘેલા, શેઠ સી.એમ હાઈ. | શુભ પટેલ, શેઠ સી.એમ હાઈ. | હેત પી. પટેલ, એમ.બી. પટેલ | મહેશ ચૌધરી, એમ.બી. પટેલ | દેવલ એન. પટેલ, આર.સી પટેલ | ઓમ એન. પટેલ, આર.સી પટેલ | રાધિ કે. પટેલ, આર.જી. પટેલ કન્યા | આન્સી પ્રજાપતિ, આર.જી. પટેલ કન્યા | નિહાર વી. મહેતા, સ્વામી. ગુરૂકુલ | રિષી બી. પટેલ, સ્વામી. ગુરૂકુલ | અનન્યા ભિમજીયાની, સેંટ ઝેવિયર્સ

અમોદ મેનન, સેંટ ઝેવિયર્સ | આશ્કા પઢિયાર, સેંટ ઝેવિયર્સ | ઈશિકા પઢિયાર, સેંટ ઝેવિયર્સ | હેતુ પટેલ, સેંટ ઝેવિયર્સ | કુશ પટેલ, સેંટ ઝેવિયર્સ | નિધી પિલ્લાઈ, સેંટ ઝેવિયર્સ | ચાર્મી પ્રજાપતિ, સેંટ ઝેવિયર્સ | માનસી ઠક્કર, સેંટ ઝેવિયર્સ | હેત્વી મહેતા, સેંટ ઝેવિયર્સ | જય દવે, સેંટ ઝેવિયર્સ | મિહીર પટેલ, સેંટ ઝેવિયર્સ | ક્રિષ પટેલ, સેંટ ઝેવિયર્સ | મનન કણસાગરા, રેડીયન્ટ સ્કૂલ

# ધોરણ -૧૦માં ગાંધીનગર કેન્દ્રનુ ૭૭.૨૬ ટકા પરિણામ

**ગત વર્ષની સાપેક્ષમાં ૪.૮૮ ટકા પરિણામ ઘટયુ : સૌથી વધુ લીંબોદ્રા કેન્દ્રનુ ૭૭.૯૬ ટકા : જિલ્લાનુ પરિણામ ૬૯.૨૩ ટકા : જિલ્લામાંથી ૫૬ વિદ્યાર્થીઓને એવન ગ્રેડમાં ૫૬ વિદ્યાર્થીઓનો સમાવેશ : શહેરની સેન્ટ ઝેવિયર્સ શાળાના ૧૧ વિદ્યાર્થીઓ ટોપર્સમાં : સે-૨૩ શેઠ સી એમ વિદ્યાલયનો વિદ્યાર્થી મોખરે : ચિલોડા સહજાનંદ સ્કુલ ઓફ એચિવર પણ બીજા ક્રમે**

ગાંધીનગર તા ૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૦ ની બોર્ડ પરીક્ષાનુ પરિણામ જાહેર કરાયુ હતુ. કોરાના કાળમાં ધો -૧૦ના પરિણામની આતુરતાથી રાહ જોતા વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉત્સુકતાનો અંત આવ્યો હતો. જો કે ગત વર્ષ કરતા બોર્ડનુ પરિણામ ૬ ટકા નીચુ રહ્યુ છે. જયારે ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ પણ ૭૭.૨૬ ટકા આવ્યુ છે. જે ગત વર્ષની સાપેક્ષમાં ૫ ટકા ઓછુ આવ્યુ છે. જયારે જિલ્લામાં એ વન ગ્રેડમાં આવનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઘટી છે. સમગ્ર જિલ્લાનુ પરિણામ ૬૯.૨૩ ટકા આવ્યુ છે. ગાંધીનગર જિલ્લામાં સૌથી વધુ પરિણામ લીંબોદ્રાનુ ૭૭.૯૬ ટકા આવ્યુ છે. ગાંધીનગરની સેન્ટ ઝેવિયર્સ શાળાના ૧૧,માઉન્ટ કાર્મેલ શાળાના ૬ સે-૨૩ ની શેઠ સી એમ શાળાના ૩ વિદ્યાર્થીઓએ ટોપર્સની યાદીમાં મોખરાનુ સ્થાન લીધુ છે. સે-૨૩ની શેઠ સી એમ વિદ્યાલયના ધ્યાન પટેલે પણ ૫૬૮ ગુણ મેળવી આગવુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જયારે ચિલોડા સહજાનંદ સ્કુલ ઓફ અચિવરના રાજેશ આહીરે પણ ૫૬૪ ગુણ મેળવી ટોપર્સમાં સ્થાન મેળવ્યુ છે.

જિલ્લામાંથી ૨૩૫૧૪ વિદ્યાર્થીઓએ ધો -૧૦ ની પરીક્ષા આપી હતી.જિલ્લામાંથી ૫૬ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડમાં સ્થાન લીધુ છે. જયારે ૮૪૭ વિદ્યાર્થીઓને બી ટુ ગ્રેડ પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત ૨૦૬૬ ને બી વન અને ૩૫૯૩ ને બી ટુ ગ્રેડ મળ્યો છે. જયારે ૫૧૪૬ વિદ્યાર્થીઓ સી વન અને ૩૯૭૯ વિદ્યાર્થીઓને સી ટુ ગ્રેડ મળ્યો છે. ગાંધીનગર કેન્દ્રની વાત કરીએ તો ૫૬૦૮ નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી ૫૫૭૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. કેન્દ્રનુ પરિણામ ૭૭.૨૬ ટકા આવ્યુ છે. ગત વર્ષની સાપેક્ષમાં ૪.૮૮ ટકા પરિણામ ઘટયુ છે. આ ઉપરાંત મોટેરા કેન્દ્રનુ પરિણામ પણ ૭૭.૬૨ ટકા અને છાલાનુ ૭૭.૪૪ ટકા જયારે લીંબોદ્રા કેન્દ્રનુ સૌથી વધુ ૭૭.૯૬ ટકા પરિણામ આવ્યુ છે. માર્ચ ૨૦૨૦ માં લેવાયેલી ધો -૧૦ ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને ગણિતનુ પેપર અત્યંત અઘરુ લાગ્યુ હતુ. જયારે ગણિત વિષયમાં ૨૧ જેટલા ગુણ ગ્રેસીંગમાં મળ્યા હોવાના કીસ્સાઓ પણ ધ્યાને આવ્યા છે. સામાન્ય રીતે જેટલા ગુણ મેળવ્યા હોય તેનાથી વધુ ગુણ ગ્રેસીંગમાં આપી ન શકાય તેમ પણ શિક્ષણવિદો માની રહ્યા છે. ત્યારે પરિણામની ટકાવારીને ઉંચી લઈ જવા માટે ગ્રેસીંગ વધારી દેવાયો હોવાનુ પણ પરિણામના અંતે શિક્ષણજગતના નિષ્ણાતો માની રહ્યા છે. શહેરની સેન્ટ ઝેવિયર્સ શાળાના ૧૧ વિદ્યાર્થીઓ એ વન ગ્રેડમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જયારે માઉન્ટ કાર્મેલ સ્કુલના પણ ૬ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યુ છે. નગરની શેઠ સી એ વિદ્યાલયના વિદ્યાર્થીએ ૫૬૮ ગુણ સાથે ટોપર્સની યાદીમાં મોખરાનુ સ્થાન મેળવ્યુ છે. જયારે ચિલોડા સહજાનંદ સ્કુલ ઓફ અચિવરનો વિદ્યાર્થી પણ ૫૫૪ ગુણ સાથે બીજા ક્રમે રહ્યો હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે.

## શહેરની કઈ શાળાનું - કેટલુ પરિણામ

| ક્રમ | શાળાનું નામ | કેટલા બેઠા | કેટલા પાસ | ટકા | એ-૧માં કેટલા |
|---|---|---|---|---|---|
| ૧ | રેડીયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ (સરગાસણ) | ૫૭ | ૫૭ | ૧૦૦ | ૧ |
| ૨ | સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ | ૨૦૬ | ૨૦૩ | ૯૮.૫૪ | ૧૧ |
| ૩ | સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર (ચિલોડા) | ૬૦ | ૫૯ | ૯૮.૩૩ | ૧ |
| ૪ | એમ.બી. પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ | ૨૪૩ | ૨૩૬ | ૯૭.૧૨ | ૨ |
| ૫ | ગુરૂકૂલ (સેલ્ફ ફાઈનાન્સ, સે. ૨૩) | ૧૨૦ | ૧૧૬ | ૯૬.૬૬ | ૨ |
| ૬ | માઉન્ટ કાર્મેલ | ૨૨૩ | ૨૧૪ | ૯૫.૯૬ | ૬ |
| ૭ | ઈન્ફોસીટી સ્કૂલ | ૭૨ | ૬૯ | ૯૫.૮૩ | - |
| ૮ | સ્કૂલ ઓફ એચિવર (કુડાસણ) | - | - | ૯૫ ટકા | ૬ |
| ૯ | આર.સી.પટેલ સ્કૂલ | ૨૯૩ | ૨૭૬ | ૯૪.૧૯ | ૨ |
| ૧૦ | સ્વામિનારાયણ ગુરૂકુલ | ૩૪૦ | ૩૧૪ | ૯૩ | ૧ |
| ૧૧ | શેઠ સીએમ વિદ્યાલય | ૪૩૪ | ૩૯૫ | ૯૧.૦૧ | ૩ |
| ૧૨ | પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય | ૭૫ | ૬૮ | ૯૦.૬૬ | - |
| ૧૩ | આર.જી. કન્યા વિદ્યાલય | ૩૧૩ | ૨૭૬ | ૮૮.૧૮ | ૧ |
| ૧૪ | આરાધના વિદ્યાવિહાર | ૨૧૬ | ૧૮૮ | ૮૭.૦૩ | - |
| ૧૫ | ચૌધરી કન્યા વિદ્યાલય | - | - | ૮૪.૧૬ | - |

# શેઠ સી એમ વિદ્યાલયના ધ્યાન પટેલને ગણિતનુ અઘરુ પેપર સરળ લાગ્યુ હતુ

**ધ્યાનને મોબાઇલ ફોનમાં ગેમ રમવાનુ ખુબ જ ગમે છે : ગણિતમાં રસ વધુ આગળ એન્જિનિયરીંગમાં અભ્યાસ કરવો છે. : ૫૬૮ ગુણ સાથે શેઠ સી એમ હાઇસ્કુલનો ધ્યાન પટેલ ટોપર્સની યાદીમાં શહેરમાં મોખરે**

ગાંધીનગર તા ૯

ધો -૧૦નુ બોર્ડ પરિણામ જાહેર થતા જિલ્લામાંથી માત્ર ૫૬ વિદ્યાર્થીઓ ટોપર્સમાં સ્થાન પ્રાપ્ત કરી શકયા છે. જયારે નગરની કેટલીક શાળાના વિદ્યાર્થીઓનો પણ આ યાદીમાં સમાવેશ થાય છે. ટોપર્સની યાદીમાં આગળ રહેતા સે-૨૩ ની શેઠ સી એમ હાઈસ્કુલના વિદ્યાર્થી ધ્યાન પટેલને આગળ એન્જિનિયરીંગમાં અભ્યાસ કરવો છે. તેને મોબાઈલ ખુબ જ પસંદ છે. તેમાં ગેમ રમવાનુ પણ ખુબ જ ગમે છે. શહેરની સે-૨૩ સ્થિત શેઠ સી એમ હાઈસ્કુલમાં અભ્યાસ કરતા ધ્યાન જગદીશભાઇ પટેલે ૫૬૮ ગુણ સાથે શહેરના ટોપર્સમાં મોખરાનુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ધ્યાને ગણિતમાં ૯૮ , વિજ્ઞાનમાં ૯૯ અને અંગ્રેજીમાં ૮૭ ગુણ પ્રાપ્ત કર્યા છે. ધ્યાનના પિતા જગદીશભાઈ અન્ માતા પીન્કીબેન પોષ્ટ કચેરીમાં નોકરી કરે છે. સે-૨૨ સ્થિત વાસ્તુનિર્માણ સોસાયટીમાં રહેતા ધ્યાનને પોતાના ઉજજવળ પરિણામથી સંતોષ છે. તે જણાંવે છે કે ગણિતનુ પેપર અઘરુ હોવાછતા તૈયારી સારી હતી જેના લીધે સારા ગુણ આવ્યા છે. સારા પરિણામ બદલ તે પોતાની શાળા શેઠ સી એમ હાઈસ્કુલના શિક્ષકો તેમજ ટયુશનના વિષય શિક્ષક અલ્પેશ પટેલનો આભાર માને છે. ધ્યાનને તેના પરિણામથી સંતોષ છે. જયારે તેના મતે હાલના સંજોગોમાં ઓનલાઈન શિક્ષણ જરૂરી છે. અભ્યાસમાં અવલ્લ ધ્યાનને મોબાઈલ ફોન ખુબ જ પસંદ છે. નવરાશની પળોમાં તે મોબાઈલમાં ગેમ રમવાનુ પસંદ કરે છે.

## જિલ્લાના કેન્દ્રમાં પરિણામની ટકાવારી

| | |
|---|---|
| નાંદાલ | ૭૫.૭૨ |
| દહેગામ | ૬૮.૨૪ |
| રખિયાલ | ૪૯.૯૧ |
| બહિયલ | ૭૩.૬૩ |
| શેરથા | ૪૫.૬૭ |
| ગાંધીનગર | ૭૭.૨૬ |
| છાલા | ૭૭.૪૪ |
| ઝીંડવા | ૬૯.૭૬ |
| કલોલ | ૬૩.૩૮ |
| માણસા | ૭૫.૭૫ |
| અડાલજ | ૭૬.૩૪ |
| આઝોલ | ૫૭.૩૧ |
| ડભોડા | ૬૬.૫૫ |
| સોજા | ૬૪.૧૯ |
| સરઢવ | ૪૫.૫૦ |
| કનિપુર | ૬૯.૬૩ |
| ચાંદખેડા | ૭૧.૮૦ |
| કડજોદરા | ૬૨.૯૮ |
| મગોડી | ૭૬.૮૪ |
| લોદ્રા | ૫૭.૪૧ |
| મોટેરા | ૭૭.૬૨ |
| ખરણા | ૪૮.૫૪ |
| દેલવાડ | ૬૮.૯૭ |
| મોટીઆદરજ | ૬૬.૨ |
| વલાદ | ૬૨.૭૯ |
| લવારપુર | ૭૦.૫૭ |
| છત્રાલ | ૪૩.૫ |
| પુન્દ્રા | ૫૮.૮૨ |
| અમરાપુર | ૬૯.૮૦ |
| લીંબોદ્રા | ૭૭.૯૬ |

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૮ કેસ

**શહેરમાં મંગળવારે એકપણ કેસ નહિ : ગ્રામ્ય વિસ્તારના વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત : ૧૨ હજારથી વધુ લોકો ક્વોરોન્ટાઈન કરાયા : ૩૧૩૦ ટેસ્ટ કરવામાં આવ્યા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૮ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે. આ ઉપરાંત સારવાર દરમ્યાન એક વૃદ્ધ દર્દીનું અવસાન થયુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ દર્દીના મોત સાથે મૃત્યુ આંક ૧૭ થયો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે. ગઈકાલે જિલ્લાની પરિસ્થિતિ અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા પણ કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના દહેગામ તાલુકાના ૭૦ વર્ષીય વૃદ્ધનું ગઈકાલે સારવાર દરમ્યાન મોત નીપજ્યુ હતુ. આ સાથે ગ્રામ્ય વિસ્તારનો મૃત્યુ આંક ૧૭ પર પહોંચ્યો છે. જયારે જિલ્લાનો મૃત્યુ આંક ૨૦ થયો છે.

૧૭ દર્દીઓ ગ્રામ્ય વિસ્તારના અને ૩ દર્દી ગાંધીનગર શહેરના સારવાર દરમ્યાન મૃત્યુ પામ્યા છે. દહેગામ તાલુકાના આ ૭૦ વર્ષીય વૃદ્ધને ડાયાબીટીસ તેમજ બી.પી.ની પણ બિમારી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ૧૭ દર્દીના મોત થયા છે તેમાં ગાંધીનગરના ૬, દહેગામના પાંચ, કલોલના પાંચ અને માણસાના ૧ દર્દીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરમાં ૩, કલોલમાં ૪ અને દહેગામ તાલુકામાંથી આજે એક દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

કલોલમાં બે ગ્રામ્ય વિસ્તારના અને બે કલોલ અર્બનના કેસ નોંધાયા હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં પણ જે ૩ કેસ નોંધાયા છે તેમાં તંત્ર માટે ચિંતાનો વિષય બનેલ કુડાસણના એક કેસનો પણ સમાવેશ થાય છે. આ દર્દી ગાંધીનગર શહેરના વાણિજય ક્ષેત્ર સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા આરોગ્યતંત્રની યાદીમાં જણાવ્યા પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૨ પુરૂષ, ૧ મહિલા દર્દીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જયારે કલોલ તાલુકામાં ૨ મહિલાઓનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે જે કલોલ અર્બન વિસ્તારની હોવાનુ જાણવા મળેલ છે.

આ ઉપરાંત કલોલ તાલુકાના મુબારકપુર ગામેથી પણ એક આધેડનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું બિન સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

દહેગામ તાલુકાના અંતરિયાળ ગામમાંથી પણ એક પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં કલોલ અને ગાંધીનગર તાલુકામાં કોરોનાના કેસોની સંખ્યા ૧૦૦ પર પહોંચી છે.

● અનુસંધાન પાન-૭ પર

# કોરાના સામેનો જંગ જીતવા માટે નાગરિકોએ સ્વયંશિસ્તમાં રહેવુ પડશે : શ્રુત શાહ

**એ વન ગ્રેડ પ્રાપ્ત કરનાર શ્રુતને પિતા અને દાદાની જેમ ડોકટર બનવુ છે : ફુટબોલ અને બર્ડ વોચિંગનો પણ અનોખો શોખ**

ગાંધીનગર તા ૯

શહેરમાં એ વન ગ્રેડમાં સ્થાન પ્રાપ્ત કરનાર શહેરની માઉન્ટ કાર્મેલ સ્કુલના વિદ્યાર્થી શ્રુત શાહને આગળ પિતા અને દાદાની જેમ ડોકટર બનવુ છે. તેના જણાંવ્યા મુજબ કોરોના જેવી મહામારી સામે જીત મેળવવા માટે નાગરિકોએ સ્વયંશિસ્ત કેળવવી પડશે. શ્રુતને ફુટબોલ રમવા ઉપરાંત બર્ડ વોચિંગનો પણ શોખ છે.

ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ સ્કુલમાં અભ્યાસ કરતા શ્રુત મૌલિક શાહે આગળ બી ગૃપમાં અભ્યાસ કરીને ડોકટર બનવુ છે. શ્રુત જણાવે છે કે પરિવારમાં પિતા , દાદા, ફીયા ફુવા તમામ મેડીકલ ક્ષૌત્રે સમાજમાં ડોકટર તરીકે સેવા આપી રહ્યા છે. શ્રુતના પિતા ડો મૌલિક પણ એપોલો હોસ્પિટલમાં ડોકટર તરીકે દર્દીઓને સેવા આપે છે. જયારે માતા પુર્વીબેન ચિલ્ડ્ન યુનિવર્સિટીમાં ફરજ બજાવે છે. શ્રુતને ગણિત વિષયમાં માત્ર ૭૬ ગુણ ઓછા આવ્યા છે. છતા પરિણામથી સંતોષ છે. હાલના કોરોનાના કપરા કાળ અંગે તે જણાંવે છે કે કોરોના જેવી મહામારી સામે લડત આપવા નાગરિકોએ સ્વયંશિસ્ત દાખવવી પડશે. નાગરિકોએ જાગૃત રહેવુ પડશે. દરેક નાગરિક પોતાના સ્વાસ્થ્ય માટે જાગૃત બનવુ અનિવાર્ય છે. જેના આધારે જ કોરોના સામેનો જંગ જીતી શકાશે. ઓનલાઈન શિક્ષણ સારી બાબત છે. ઘરેબેઠા સરળતાથી અભ્યાસ થઈ શકે છે. એ વન ગ્રેડ પ્રાપ્ત કરનાર શ્રુત શાહને ફુટબોલ રમવાનો શોખ છે. આ ઉપરાંત જુદા જુદા દેશોની સ્ટેમ્પ પણ તેણે એકઠી કરી છે. આ ઉપરાંત બર્ડ વોચિંગનો પણ શોખ છે. જયારે આ માટે અનેકવાર ગીર ફાઉન્ડેશનની શિબિરમાં પણ તેણે ભાગ લીધો છે.

# સે-૨૩ શ્રી સ્વામિનારાયણ સ્કુલના નૈષધે દાદાએ આપેલા મહેનતના મંત્રને સાર્થક કર્યો

**નાનપણમાં માતા ગુમાવ્યા બાદ દાદાએ માત્ર મહેનત કરવાનો મંત્ર આપ્યો હતો : દાદાના અવસાન બાદ તેમની શિખામણનુ ફળ મળ્યુ**

ગાંધીનગર તા ૯

પોતાના દાદાએ આપેલા મહેનતના મંત્રને યાદ કરીને કપરાકાળમાં પરીક્ષા આપી સે-૨૩ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલના વિદ્યાર્થી નૈષધ ગોસ્વામીએ પણ ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કર્યુ છે. નાનપણથી માતા ગુમાવ્યા બાદ દાદા સાથે ઉછરીને મોટા થયેલા નૈષધ માટે પરીક્ષાના બે સપ્તાહ પુર્વે જ તેમની વિદાય આકરી પુરવાર થઈ હતી.

જીવનમાં જો સફળ થવુ હોય તો મહેનત કરવામાં કયારેય પાછીપાની કરવી નહીં...પોતાના દાદાની શિખામણ અપનાવી ઉજ્જવળ પરિણામ મેળવનાર સે-૨૩ સ્થિત શ્રી સ્વામિનારાયણ સ્કુલના નૈષધ સચિન ગોસ્વામીએ વિજ્ઞાનના વિષયમાં પણ ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. નૈષધના માતા તે જયારે માત્ર ૬ મહીનાનો હતો ત્યારે જ અવસાન પામ્યા હતા. ત્યારથી સતત દાદા પાસે રહેતા નૈષધ માટે તેના વિનોદગીરી ગોસ્વામી તેના માટે આદર્શ હતા. બોર્ડની પરીક્ષાના બે સપ્તાહ પુર્વે

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં ૧૫મીથી ચેરીટી કમિશ્નરની કોર્ટ શરૂ કરાશે

ગાંધીનગર, તા.૯

રાજયભરમાં આગામી ૧૫મી જૂનથી સોશિયલ ડિસ્ટનસીંગના કડક પાલન સાથે ચેરીટી કમિશ્નરની કોર્ટો ચાલુ થશે. ચેરીટી કમિશ્નર વાયએમ શુકલે જણાવ્યું છે કે કોરોના મહામારીને લીધે ઉભી આગામી ૧૫ જૂનથી રાજયભરની ચેરીટી કમિશ્નરની તમામ કોર્ટ ચાલુ થશે. પરંતુ અગાઉ જેમ કોર્ટ શરૂ થતા ટોળા કોર્ટરૂમમાં ભેગા થઈ જતા હતા તે હવે ન થાય તે માટે પહેલા કોલ વકીલને અને ટ્રસ્ટને તેમજ જે પક્ષ પક્ષકાર હોય તેને કેસ મુજબ પ્રવેશ આપવામાં આવશે. તેમની સુનવણી પતી જ બાદ કોલ કરીને અન્ય કેસની સુનવણી આ રીતે થશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com